સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

જ્ઞાન વિનાની આછકલાઇમાં, ગાંભીર્ય આવે ક્યાંથી?
ટેવ ચૂંટણી સભાની, વાણીમાં માધુર્ય આવે ક્યાંથી?
આવે ક્યાંથી ટાઢક! ચા વાળાની કીટકી જ ગરમ!
કૂવામાંના દેડકાને વૈશ્વિક-વિઝન આવે ક્યાંથી?

હાઈકુ

કજોડાં લગ્ને -
લેને ગઇ સત્તા, ને
ખોયા કાશ્મીર..
(સત્તા - ભૂખ)

ઇન્જીન ઢીલું -
દોડશે નહીં ટ્રેન -
બદલ્યા વિના..
(રાજય-બાલોદ્યાન)

ચિંતન

વલિભિર્મુખામા કૃતન્તં પલિતૈરઅંકિંતિં શિરઃ । ગાત્રાણિ શિથિલાયન્તે તૃષ્ણૈકા તરૂણાયતે ॥

'ચહેરો વૃદ્ધાવસ્થાની કરચલીઓ વડે તદ્દન કદરુપ થઇ ગયો છે માથું સફેદ વાળથી સંપૂર્ણ સફેદી છવાઇ ગઇ છે અને શરીરના તમામ અંગો તદ્દન શિથિલ થઇ ગયાં છે, સંપૂર્ણ શરીર પર આમ વૃદ્ધત્વની અસર સ્પષ્ટ દેખાઇ છે પરંતુ દિવસો - દિવસ - એકમાત્ર તૃષ્ણા-આશા-ઇચ્છા જ યુવાન થતી જાય છે.'

જીવનમાં માયાવી સંબંધો અને ખોટી મમતાને કારણે આશા-ઇચ્છાઓ-અપેક્ષાઓ જન્મ લે છે અને એક વાંછના પૂરી થાય કે તરત બીજી જન્મ લે છે આશા રક્તબીજ રાક્ષસ જેવી છે એક એક ટીપાંમાંથી જેમ અનેક રાક્ષસનો જન્મ થતો એમ માનવીના સંસારમાં આશાઓ - ઇચ્છાઓ કદી જ પૂર્ણ થતી નથી.

અરે બુદ્ધિમાન માણસો તો મરણ પછી પણ - મારા માટે શું શું કરવું - કોને શું આપવું વગેરેની 'ઇચ્છાઓ' લખી જાય છે..

સાચું જીવન 'નિર્લેપ' રહી જીવવામાં છે સંબંધો - ફરજો - કર્તવ્ય નહીં કરવા એવું નથી પણ એમાં 'ઇન્વોલ્વ ન થવું' હું નહીં કરું તો કેમ થશે!' ની ભાવના ન હોવી જોઇએ આપણે નહીં હોઇએ તો પણ દિવસ-રાત થવાનાં જ છે કુટુંબીજનો બે ટંક જમવાનાં જ છે.. તૃષ્ણા-મમતા-મોહ છોડો!

સુવિચાર

- માણસે કેવી રીતે જીવવું એ સિવાયનું બધું જ જાણી લીધું છે - હરિન્દ્ર દવે
- જીંદગી કાંટો કા સફર હૈ, હોંસલા ઇસ કી પહેચાન હૈ, સીધે રાસ્તોં પર તો સભી ચલતે હૈ, જો રાસ્તે બનાયે વહી તો ઇન્સાન હૈ ! - સમયસૂત્ર
- જ્ઞાન એક પાંખ છે, ભક્તિ એ બીજી પાંખ છે, યોગ એ સ્વસ્થતા જાળવવાની પૂંછડી છે - તોલ્સ્તોય
- શિક્ષણમાં જબરજસ્તી કરવાનું એક પરિણામ એ આવે છે કે મૌલિકતા અને બૌદ્ધિક રસનો નાશ પામે છે - અરવિંદ
- લોકશાહીનો સહુથી મોટો લાભ છે સ્વતંત્રતા, પણ અંતે તો આપણી માત્ર સ્વતંત્રતા છે, આપણી જાતને શિસ્તમાં રાખવાની સ્વતંત્રતા - બાલગંગાધર તિલક
- માણસ માત્રને પોતાનાં દુઃખ અને અફસોસને વળગી રહેવું ગમતું હોય છે- ખલિલ જિબ્રાન
- દુરાગ્રહી સદ્‌ગુણ કરતાં તો હું બાંધછોડ કરી શકે એવો દુર્ગુણ પસંદ કરું- એસ. ભટ્ટાચાર્ય

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

ઘણા લોકોની એવી ટેવ હોય છે કે જાતે કંઇ પણ કામ, નવું સર્જન કરે નહીં પણ બીજાં કોઇએ કરેલાં કાર્યોમાં તરત ભૂલ-ચૂક કાઢે, 'આ બરાબર નથી અને બદલે આમ કર્યું હોત તો!' વગેરે અનેક દોષ એને દેખાતા હોય છે.

એક ચિત્રકારે ખૂબ જ સુંદર ચિત્ર બનાવ્યું - હજુ એમાં કોઇ વધારે સારા સુધારા હોય તો લોકોનાં સૂચન માગવા બજારના ચોકમાં એ ચિત્ર મૂક્યું અને સૂચના લખી - આ ચિત્રમાં તમને જ્યાં દોષ જેવું કંઇ દેખાય ત્યાં પેન્સીલથી ચોકડી કરો.'

સાંજે આવી જોયું તો આખું ચિત્ર લગભગ ચોકડીઓથી ભરાઇ ગયું હતું. ચિત્રકાર હતાશ થઇ રડસમ થઇ ગયો.

મિત્રએ સલાહ આપી. ચિત્ર સારું છે આ ચોકડીઓ દૂર કરી સામાન્ય ફેરફાર કરી કરી તું આ ચિત્ર આ જગ્યાએ મૂક અને હવે સૂચનામાં લખજે - 'તમને યોગ્ય લાગે તે સુધારા આ ચિત્રમાં કરો.'

ચિત્રકારે સાંજે ફરી મિત્ર સાથે આવીને જોયું. ચિત્ર એવું ને એવું અકબંધ પડેલું હતું.

મિત્રએ કહ્યું જોયું ને! દરેક માણસ બીજાના દોષ જોવા તત્પર હોય છે પણ સારું કાર્ય કે નવસર્જન કરવામાં એમને જરા પણ રસ હોતો નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

બાળકને તેના વડીલોનો સમય જોઈતો હોય છે, પછી તે દાદા-દાદી હોય કે નાના-નાની, કારણ કે તેને દાદી કે નાની વચ્ચેનો ફરક નથી ખબર તે તો માત્ર પ્રેમની ભાષા જાણે છે

જોઇએ છે : બા અને દાદા ! વિચારયાત્રા

- ડો. જય ઓઝા

એક નાનકડો પાંચ-સાત વર્ષનો છોકરો સ્કૂલબસમાંથી બપોરે બે વાગે તેના ઘરના બિલ્ડિંગ કેમ્પસ પાસે ઉતરે છે. તેની રાહ જોઈને એક ચોવીસ-પચ્ચીસ વર્ષની મેલાં-ઘેલાં સલવાર કમીઝ પહેરેલી એક યુવતી ભી છે. તે છોકરો જેવો બસમાંથી તરે છે તેવી જ પેલી યુવતી તેની સ્કૂલબેગ પેલા છોકરા પાસેથી લઈ લે છે. પછી પેલા છોકરાનો હાથ પકડીને તેને રસ્તો ક્રોસ કરાવે છે અને સાચવીને બિલ્ડિંગની લિફ્ટમાં તેને લઈને ટેન્થ ફ્લોર પર પહોંચે છે. ટેન્થ ફ્લોરના ચારમાંના એક ફ્લેટનો દરવાજો ખોલે છે. પેલા નાના બાળકના બૂટ-મોજાં કાઢે છે અને સ્કૂલ યુનિફોર્મના બદલે ઘરમાં પહેરવાના ટી શર્ટ-શોર્ટસ પહેરાવે છે. હાથ પગ ધોવડાવીને નેપકિનથી લૂછી આપે છે. પછી બાળકને ડાઈનિંગ ટેબલ પર બેસાડીને પ્લેટમાં જમવાનું આપે છે. બાળક ટી.વી. ચાલુ કરીને પોગો ચેનલ પર બોબ ધ બિલ્ડર કાર્ટૂન સિરિઝ જોતા જોતા જમે છે. બાળક ભાગ્યે જ એકાદ બે શબ્દ ઉચ્ચારે છે. આજ્ઞાંકિત બાળકની જેમ પેલી યુવતી કહે છે તે બધું જ કામ કરતો રહે છે. તે જમે છે દરમિયાન પેલી યુવતી ઘરની સફાઈ કરે છે. કપડાં મશીનમાંથી કાઢીને બહાર દોરી પર સૂકવે છે. સાવરણીથી કચરો કાઢતા ધૂળ-કચરો ઉડે છે ક્વચિત બાળકની પ્લેટ પર રજકણો પડતા હશે. પણ તે યુવતી આવી બધી બાબતની પરવા કરે તો કામ થઈ રહ્યું. આ કંઈ એક જ ઘર થોડું છે? હજુ તો તેણે બીજા પાંચ ઘરના કામ કરવાનાં છે. આટલી બધી ચોખલિયાત કરવા રહે તો ક્યારે બધાં કામ પતાવેને ક્યારે ઘરે જાય? બાળક જમી રહે એટલે પછી તેને પાણી પીવડાવે છે, બાળકને પાણી પીવું ગમતું નથી એટલે તે ઢોળી નાખે છે. પેલી યુવતીને ગુસ્સો આવે છે, મેરે સાથ બદતમીઝી કરોંગે તો મેડમ કો બોલ દૂંગી. અબ ચલો સો જાઓ મુજે દેર હો રહી હે. બાળકને સમજાવીને પટાવી તેને પાણી પીવડાવવાનો સમય નથી. અને તે બાળકને સરસ રીતે સજાવેલા તેના બેડરૂમ પરના બેડ પર સૂવડાવીને ઘર બહાર નીકળે છે દરવાજો બંધ થતો બાળક જોઈ રહે છે. અને ત્રણ-બેડરૂમ હોલ પ્લસ કિચનના સરસ રીતે સજાવેલા ફ્લેટમાં તે બાળક સાંજે પાંચ સુધી એકલું રહેવાનું છે.

એક જ સ્કૂલ બસમાંથી ઉપર જણાવ્યું તેટલી જ ઉંમરનો એક બીજો છોકરો પણ બસમાંથી ઉતર્યો છે. જેવો તે બાળક બસમાંથી ઉતરે છે એક જૈફવયના અંકલ તરત તેના હાથમાંથી સ્કૂલબેગ લઈ લે છે. ને તેનો હાથ પકડે છે, પણ બાળક હાથ છોડાવી લે છે અને જીદ્દ કરે છે કે મને તેડી લો. પેલા અંકલ હસતાં હસતાં પેલા છોકરાને તેડી લે છે. પછી બન્ને જણાં ટેન્થ ફ્લોર પરના તેમના ફ્લેટના દરવાજે આવે છે તો ત્યાં એક જૈફવયના આન્ટી બારણા પાસે તેની રાહ જોઈને ઉભાં છે તે જોઈને બાળક ખુશ થઈ જાય છે. પેલા આન્ટી બાળકને તેડી લે છે અને તેના ગાલ પર વહાલ કરીને આવી ગયો મારો દીકરો તેમ કહે છે તેવું જ બાળક ખિલ ખિલ હસે છે અને પટ પટ બોલવા લાગે છે. બા આજે સ્કૂલમાં તો આમ થયુંને તેમ થયું. મેં તો આજે ડ્રોઈંગ બુકમાં પીકોક દોર્યો તો ટીચરે મને ગુડ આપ્યું. આજે શર્મા ટીચર રિન્કુ પર ગુસ્સે થતા હયાં, રિન્કુને તેની મમ્મી હોમવર્ક કરાવવાનું ભૂલી ગઈ હતી. પેલા આન્ટી તેની વાતમાં હોંકારો પુરાવતા રહે છે. તેનો વાત કરવાનો ઉત્સાહ જળવાઈ રહે એટલે સામે સવાલ જવાબ પણ કરે છે. ને તેની વાત સાંભળતા સાંભળતા પેલા બાળકનો યુનિફોર્મ કાઢીને તેને ઘરમાં પહેરવાના ટી-શોર્ટસ પહેરાવે છે. હાથ-પગ ધોઈને ડાઈનિંગ ટેબલ પર બાળકને બેસાડે છે. ત્રણ થાળી પીરસે છે. દાદા-દાદી સાથે બાળક હસતો બોલતો રમત કરતો જમે છે. છાશ પીવાનું તેને ગમતું નથી એટલે જમીને તરત ખુરશી પરથી નીચે તરીને દોડાદોડી કરે છે. પેલા અંકલ પોતે છાશ પીવે છે અને તેનાથી થતી મૂછો હોઠ પર દેખાડે છે એટલે તેમનું જોઈને પેલો બાળક પણ છાશ પીવે છે જેથી કરીને દાદા જેવી મૂછો થાય. પછી બાળક દાદા પાસે વાર્તા સાંભળતા સાંભળતા સૂઈ જાય છે.

આજ ભારતમાં કેટલાં પરિવાર જોઈન્ટ ફેમિલીમાં રહે છે અને કેટલા પરિવાર ન્યુક્લિયર છે તે અહીં કહેવાનું પ્રયોજન નથી. છતાં એ વાત નકારી ન શકાય કે સંયુક્ત કુટુંબો ઓછા અને આછા થઈ રહ્યાં છે તે હકીકત વરવી વાસ્તવિકતા છે. આજથી પચાસ વર્ષ પહેલા સંયુક્ત કુટુંબ કોને કહેવાતું હતું? તો કહો કે એક જ ઘરમાં દાદા-દાદી-કાકા-કાકી-મોટા પપ્પા-મોટી-મમ્મી અને ફઈઓ અને તેમના બે-ચાર બાળકો સાથે રહેતા હોય તે સંયુક્ત કુટુંબ ગણાતું. પછી મોડર્નનાઈઝેશન, અર્બનાઈઝેશન, ઈમ્પેક્ટ ઓફ વેસ્ટર્નાઈઝેશન આવ્યું ને વિમેન એમ્પાવરમેન્ટ ને એ બધું કરતાં-ગણતાં સંયુક્ત કુટુંબની વ્યાખ્યા ફરી બદલાઈ. માતા-પિતા કોઈ એક દીકરા સાથે રહે તેને સંયુક્ત કુટુંબ ગણાતું થયું. અને હવે સયુક્ત કુટુંબ એટલે અમે બે અમારાં બે કે અમે બે અને અમારો એક!

પર વર્ણવ્યા તેવા હજાર કિસ્સા હર મહાનગરમાં જોવા મળે છે. આ ઘર ઘર કી કહાની છે. આજે હસબન્ડ-વાઈફ બન્ને જોબ કરે છે. વર્કિંગ પેરેન્ટસ બાળકની ખુશી માટે પૈસા ખર્ચ કરતાં વિચારતા નથી. ડબલ ઈન્કમ છે એટલે પૈસાથી બધું સેટલ થઈ જાય. બાળકની જરૂરિયાત માટે આયા/રાંધવા માટે કૂક/ઘર ક્લિનિંગ માટે મેઈડ. પૈસા ખરચતા તો શું નથી મળતું? પણ પૈસા ખરચીને પણ બાળકને જોઈતી હૂંફ કે પ્રેમ આપી ન શકાતો હોય તો પૈસા ખર્ચ કરવા કેટલા વાજબી? ને એમ અમારે શું કામ સાસુ-સસરાના નખરાં ઉઠાવવા જોઈએ કે અમે શું કામ સાથે રહીએ તેવો ભાવ વધતો જાય છે. પણ અરસપરસ સહનશીલતા જ ઘટતી જાય છે. વાંક છેક યંગ કપલનો નથી. વડીલો પણ પોતાનો અહમ્ ને મોભો છોડી શકતા નથી. અમે મોટા છીએ એટલે અમે કહીએ તે પ્રમાણે જ થવું જોઈએ એટલે ચા તો હું કહુ તે જ સમયે બનાવવી જોઈએ તેવી નજીવી બાબત પર પણ મનદુઃખ થતું રહે છે. સરવાળે ભોગવે કોણ છે? તો કહો કે દાદા-દાદી ને મમ્મી-પપ્પાનો લાડકવાયો કે લાડકવાયી. સમજયા કે પ્રાયવસી અને પર્સનલ સ્પેસનો આ જમાનો છે. પણ ફૂલ જેવા નાનકડાં બાળકો આ કારણે પિસાય છે અને બાળક દાદા-દાદીના પ્રેમ અને લાડથી વંચિત રહી જાય છે. તેને માટે કોણ જવાબદાર?

અને તે માટે કોણ જવાબદાર? ના માત્ર બાળકની મમ્મી જ તે માટે જવાબદાર નથી. બાળકના પરિઘમાં આવતી દરેક વ્યક્તિને તે માટે જવાબદાર ઠેરવી શકાય. બાળકના દાદા-દાદી,નાના-નાની અને માતા-પિતા એમ બધાં જ, કારણ કે બાળકને ઉછેરવાની, તેને સારું બાળપણ આપવાની પહેલી જવાબદારી તેના માતા-પિતાની છે. પછી બીજા નંબર પર દાદા-દાદી ને નાના-નાની આવે. પરસ્પર બનતું ન હોય તો બાળક દસ-બાર વર્ષનું થાય ત્યાં સુધી પણ થોડી સહિષ્ણુતા દાખવીને બાળક માટે સાથે રહી ન શકાય? કારણ કે જે પ્રેમ, હૂંફ, કેરિંગ અને લાડપ્યાર દાદા-દાદી આપી શકે તે આયા પાસેથી તો ક્યાં મળવાના? હવેનો સમય એવો તો નથી કે સ્ત્રી બાળક માટે પોતાની કરિયર છોડી દે. આમ પણ બાળકના જન્મ માટે તેને કરિયરનાં થોડાં વર્ષો જતા કરવા પડે છે. પછી વધારે બલિદાનની અપેક્ષા વધુ પડતી જ કહેવાય. બાળકના માતા-પિતા તથા દાદા-દાદીએ સાથે બેસીને પોતાના પ્રોબ્લેમ ઉકેલવા જોઈએ જેથી બાળકને સહન કરવાનું ન આવે. આખરે બાળકની ખુશી જ દરેક ઈચ્છતું હોય છેને! અગર સાસુ-સસરા કે વહુ સાથે રહેવા જ તૈયાર ન હોય કે અરસપરસ રહી જ ન શકાય તેવું હોય તો વહુના મમ્મી-પપ્પાને એટલે બાળકના નાના-નાનીને સાથે રાખીને બાળકને દાદા-દાદીની હૂંફ મળી રહે તેવું વિચારવું ખોટું નથી. કારણ કે બાળકનો ઉછેર આયાના મેલાં-ઘેલાં આંચલમાં ન થતા દાદી નહી તો નાનીના ખોળે થાય તો શું ખોટું?

પણ તે માટે સમાજ શું કહેશે કે દીકરીના ઘરનું તો અમે પાણી પણ ના પીએ તેવા બધા વિચારો-આચારો પડતાં મૂકીને માત્ર બાળકનું બાળપણ જળવાઈ રહે તેવી નિસ્બત રાખીને વિચારવામાં આવે તો આ દુનિયાનું કોઈ બાળક દાદા-દાદીના લાડ-પ્રેમથી વંચિત નહી રહે. બાળકને તેના વડીલોનો સમય જોઈતો હોય છે. પછી તે દાદા-દાદી હોય કે નાના-નાની, કારણ કે તેને દાદી કે નાની વચ્ચેનો ફરક નથી ખબર તે તો માત્ર પ્રેમની ભાષા જાણે છે.

નીલવર્ષ જીવનશૈલીને હરિત બનાવી નિષ્પ્રભાવી બનાવી મોસમ વ્યુહરચના અપનાવીએ

વૈશ્વિક ધરતીમૈયા દિન ૨૦૧૫

- લેખન : નરેશ ઠાકર

તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૭૦ના રોજ સમગ્ર અમેરિકાના લાખો લોકોએ પર્યાવરણ પ્રદૂષણના મુદ્દે ચળવળમાં વિશાળ પાયે ભાગ લીધો હતો. લોકજુવાળના દબાણ સામે ઝુકીને અમેરિકન સરકારે ક્લિન એર, ક્લિન વૉટર તેમજ ઍન્ડેંજર્ડ સ્પેસિસ ઍક્ટ નામના ત્રણ કાયદાઓ બનાવ્યા. ત્યારથી, યુએસમાં દર વર્ષે ૨૨મી એપ્રિલનો દિવસ ધરતી-દિન તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. દરમિયાન, પ્રકૃતિ અને પૃથ્વી સાથે તાલમેળ જાળવીને, વર્તમાન તેમજ આગામી પેઢીની આર્થિક, સામાજીક અને પર્યાવરણીય જરૂરિયાતો વચ્ચે સમતુલા હાંસલ કરવા માટે જવાબદારી લેવાના હેતુથી યુએન- યુનાઈટેડ નેશન્સની સામાન્યસભા દ્વારા વર્ષ ૨૦૦૯ ની તારીખ ૨૨મી એપ્રિલના રોજ પસાર કરેલ ઠરાવ ક્રમાંક : એ/ આરઈએસ / ૬૩ / ૨૭૮ મારફતે દરેક વર્ષના એપ્રિલ માસની ૨૨મી તારીખના દિવસને વૈશ્વિક ધરતીમૈયા દિન તરીકે જાહેર કર્યો છે.

પૃથ્વી અને તેની ઈકો-સિસ્ટમ આપણને જીવન બક્ષીને તેની નિરંતર માવજત માટે સહાયક બનવાના ઉમદા ગુણની યાદ અપાવવા માટે વૈશ્વિક ધરતીમૈયા દિન તરીકે ઉજવવામાં આવે છે.

વર્ષ ૧૯૯૨માં સંપન્ન થયેલ રિયો-ડિક્લેરેશન મુજબ વિશ્વને આપેલ આહવાનમાં પણ પ્રકૃતિ અને પૃથ્વી સાથે તાલમેળ જાળવીને, વર્તમાન તેમજ આગામી માનવ પેઢીની આર્થિક, સામાજીક અને પર્યાવરણીય જરૂરિયાતો વચ્ચે સમતુલા જાળવવાની સૌની સહિયારી જવાબદારી ગણી છે.

પૃથ્વીના ગ્રહની તેમજ તેના પર નિર્ભર તમામ જીવસૃષ્ટીના હિત માટે જનજાગૃતિ ફેલાવવા વૈશ્વિક ધરતીમૈયા દિનની ઉજવણીનો કાર્યક્રમ વિશ્વ સ્તરે તક ભી કરે છે.

સૌ જીવસૃષ્ટીના એક માત્ર પડાવ તેવી પૃથ્વી વતી, તેની મોસમી પ્રભાવોથી બચાવવા માટે વિશ્વમાં લોકોને દરેક ઠેકાણે અવાજ ઉઠાવવા, યુનાઈટેડ નેશન્સના મહાસચિવશ્રી બાન-કિ-મૂને અપીલ કરી છે. વધુમાં, તેઓએ ઉમદા વાત મેરતા જણાવ્યું છે કે, વીતેલા લાખો વર્ષોથી જીવસૃષ્ટીનું પોષણ કરતી આ ધરતીમૈયા આપણા સૌની નિરંતર માવજત કરવાનું પણ ચાલુ રાખી શકે, તેથી ચાલો આપણે સૌ આ ધરતીમૈયાની કાળજી લઈએ.

'નીલવર્ષ જીવનશૈલીને હરિત બનાવી નિષ્પ્રભાવી બનાવી મોસમ વ્યુહરચના અપનાવીએ' - એ બાબત શું છે?

વિશ્વમાં વિવિધ સંસ્થાઓ, વાણિજય-વેપાર ગૃહો અને વ્યક્તિગતરૂપે સૌ માટે નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને વધુને વધુ નિરંતરપણે સાનુકૂળ બનવાના પડકાર સામનો કરી રહ્યાં છે. ગ્રીનીગ ધ બ્લ્યૂ ની સમજૂતિ માટે સૌ પ્રથમ નીલવર્ણ જીવનશૈલીને હરિત બનાવીએ, નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચના અપનાવીએ ની વિભાવના સમજવી જરૂરી છે. એટલે કે, આપણે મોસમ પરિવર્તનને નિષ્પ્રભાવી બનાવવા માટે વધુને વધુ નિરંતરપણે સાનુકૂળ બનવા માટે આપણી જીવનશૈલીને ડગલે - ને પગલે હરિત બનાવવાના ઉપાયો શોધીને તેનો અમલ કરવો જરૂરી છે.

યુએન- યુનાઈટેડ નેશન્સના સ્ટાફ દ્વારા - ક્લાયમેટ ન્યૂટ્રલ સ્ટ્રેટેજી- એટલે કે, નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચના અપનાવવાના પ્રતિભાવ રૂપે કેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી, શું હાંસલ થયું છે, અને યુએનના સ્ટાફે કેવો ફાળો આપ્યો છે, તેની માહિતી જાહેર કરી છે. જેમ કે, બીન વપરાશમાં હોય ત્યારે વીજબત્તી, પંખા, ઉપકરણો, ટી.વી.ની સ્વીચ બંધ કરવી. કચેરી કામકાજમાં કાગળનો ઉપયોગ બંધ કરવો અથવા ઓછો કરવો. અવર-જવર માટે સાર્વજનિક વાહનો કે વ્યક્તિગત વાહનને બદલે એક વાહનમાં શક્યતઃ ત્રણ-ચાર સ્ટાફે ઉપયોગ કરવો. પ્લેનને બદલે શક્ય હોય ત્યારે ટ્રેનનો ઉપયોગ કરવો, વિદેશથી આયાત ખાવાની ચીજ-વસ્તુઓને બદલે સ્થાનિક વસ્તુઓનો વપરાશ વધારવો. મકાનોમાં હવા ઉજાસનો મહત્તમ ઉપયોગ કરીને એરકન્ડિશનર કે હિટરનો વપરાશ ઘટાડવો. જો એસીમશીન માત્ર બે ડિગ્રી પણ વધુ રાખવામાં આવે ત્યારે વીજ વપરાશ ઘટે છે. આવા અનેક નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાના અનુકરણીય ઉપાયો યુએનના સ્ટાફે અમલમાં મૂક્યા છે.

પ્રારંભમાં યુનાઈટેડ નેશન્સના સ્ટાફ, તજજ્ઞો, અને તાલીમાર્થીઓ માટે જ ગ્રીનીગ ધ બ્લ્યૂ યોજના હેઠળ નક્કર પગલાં લેવાનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો. તેમ છતાં, આ પગલાં, સરકારી તંત્રો, વ્યાપરી સંગઠનો અને દાતાઓ અથવા નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને વધુને વધુ નિરંતરપણે સાનુકૂળ બનવા માટે અલાયદા કાર્યો કરવા આતુર લોકો કે સંસ્થાઓ માટે પણ રસપ્રદ બની રહેશે.

બીન-જરૂરી સ્વિચ બંધ કરીએ...

દિવસના અંતે દરેક વીજ ઉપકરણોની સ્વિચ બંધ કરીને ઓછી વીજળી વાપરીએ

આનંદથી આરોગીએ...

ખાવાની શૈલી બદલ્યા સિવાય થોડુંક ઓછું ખાવાથી નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બનવામાં ઘણો મોટો ફર્ક પડે છે.

નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને વધુને વધુ નિરંતરપણે સાનુકૂળ બનવાના ઉપાયો :

નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બનવા માટે તૈયાર થઈ વધુને વધુ સંયુક્ત રાષ્ટ્રોના ગ્રીન ચેમ્પયન્સ તૈયાર કરવા માટે કેટલાંક ઉપાયો સૂચવ્યા છે.

૧. મિત્રો બનાવોઃ પોતાની જ રીતે નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બની રહે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવાની દરેકની વ્યક્તિ ધોરણે એક મર્યાદા આવી જાય છે. નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બની અન્ય જાગૃત ગ્રીન ચેમ્પિયન્સ નું મિત્ર વર્તુળ શોધવા માટે આપણી આસપાસ નજર દોડાવીએ, અને આવી પ્રવૃત્તિઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ.

૨. ગ્રીન ગ્રૂપનો વ્યાપ વધારીએઃ અન્ય સ્ટાફને આમંત્રિત કરીને સ્ટાફ દ્વારા સંચાલિત એક બીન-ઔપચારિક ગ્રીન ગ્રૂપ બનાવીએ. આ બેઠકોમાં સંબંધિત પોસ્ટર્સ રજૂ કરીને ચર્ચા કરીએ.

૩. યોજના બનાવીએઃ એક ગ્રૂપ તરીકે, તમામ કાર્યો આપણે જ કરીએ, તેવું હંમેશા શક્ય બનતું નથી. આથી, નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ સ્પષ્ટ હેતુ હાંસલ કરી શકાય તેવા કાર્યોની ઓળખ કરીએ. આ અંગે સ્ટાફ સાથે મળીને જનજાગૃતિ ઝુંબેશ શરૂ કરીએ. જુદી જુદી રિસાયકલિંગ સ્કિમ, પ્લાસ્ટિકની વોટર બોટલનો ઉપયોગ બંધ કરવો, વાહનોની વ્યવસ્થા કરતી ટીમનો સંપર્ક કરીને વાહનો અને બળતણ ઓછું વપરાય તેવા ઉપાયો શોધવા જેવા ચોક્કસ પગલાં અમલમાં મૂકી શકાય તેવા કાર્યક્રમો તૈયાર કરીએ. આ કાર્યક્રમનો અમલ કરવા માટે કઈ વ્યક્તિ કયું કામ ક્યારે કરશે, તેની રૂપરેખા પણ તૈયાર કરીએ.

૪. સ્ટાફના મિત્રોને નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ કાર્યોમાં વ્યસ્ત રાખીએઃ સ્ટાફના મિત્રોને નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બાબતોના લેખ તૈયાર કરવા જણાવીએ. આવી ગ્રીન બેઠકોનું સભા સંચાલન કરવા માટે સિનિયર કે વરિષ્ઠ વ્યક્તિને આમંત્રિત કરીએ.

૫. અમલીકરણઃ નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બાબતોના કાર્યક્રમોનો અમલ કરવા માટે જે તે વ્યક્તિને સુપરત કરવાની કામગીરીની વિગતો તૈયાર કરીએ, અને આ કાર્ય તૂર્ત ચાલુ કરાવીએ. આવા કાર્યક્રમોમાં વધુને વધુ લોકોને સામેલ કરવાથી લાભદાયક રહે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રસ્તુત પુસ્તકમાં ઓશોએ કરૂણા, પ્રેમ અને કામ વચ્ચેને ભેદને સ્પષ્ટ કરેલ છે

પુસ્તક આસ્વાદ

"કરૂણા" મૂળ ઓશોના અંગ્રેજી પુસ્તક "Compassion" નો ગુજરાતી ભાવાનુવાદ છે.

પ્રસ્તુત પુસ્તકમાં ઓશોએ કરૂણા, પ્રેમ અને કામ વચ્ચેને ભેદને સ્પષ્ટ કરેલ છે.

કામ એ છે જેમાં સામેની વ્યક્તિ પાસેથી આપણે કંઇક મેળવવું છે. સામેની વ્યક્તિનો એક વસ્તુની જેમ ઉપયોગ કરવામાં આવે છે. જેમ આપણને કારનો, ફર્નિચરનો ઉપયોગ કરીએ છીએ. ઉપયોગ કરીને ઇચ્છાની પૂર્તિ કરીને આપણે અલગ થઇ જઇએ છીએ તેમ.

પ્રેમમાં અનુગૃહિતતાનો ભાવ છે. પ્રેમમાં પણ સામેની વ્યક્તિ પાસેથી કંઇક મેળવવામાં આવે છે પણ તે મેળવવામાં આભારનો ભાવ હોય છે. મેળવવા બદલ આપણે સામેની વ્યક્તિના આભારી થઇએ છીએ. વધુ સમજાવતાં ઓશો દૃષ્ટાંત સાથે કહે છે કે પ્રેમમાં પડેલા પ્રેમીઓને સંવનનકાળમાં વધુ આનંદ આવે છે કારણ મેળવવામાં અનુગૃહિતતા છે પરંતુ જયારે પતિ-પત્ની બને છે ત્યારે એકબીજા પ્રત્યે વસ્તુના ઉપયોગનો ભાવ આવી જાય છે. તેથી અનુગૃહિતતા નથી હોતી અને તેથી જ જીવનમાંથી આનંદ ઓછો થતો જાય છે.



"કરૂણા" પ્રેમથી પણ ઉપરની અવસ્થા છે. જેમાં પરમાત્મા તરફથી એટલું મળેલું છે કે જે વહેંચવામાં જ તમને આનંદ આવે છે. સામે વાળા તરફથી તમારા મનમાં તે આભાર માને તેની પણ અપેક્ષા નથી હોતી. તમે તમારી પાસે હદથી વધારે છે અને જે છે તેના ભારથી લદાયેલા છો એટલે વહેંચો છો. જેમ વાદળો જયારે પાણીથી ભરાઇ જાય છે ત્યારે વરસે છે તેમ! ફુલો સુગંધ ફેલાવે છે તેમ! પક્ષીઓ કલરવ કરે છે તેમ! કરૂણામાં સામેવાળા પાસેથી કંઇ પણ મેળવવાની અપેક્ષા નથી. કરૂણા ઇશ્વરીય ભેટ છે. કરૂણામાં સામેનાં પાત્ર પણ અગત્યનું નથી. કરૂણા માત્ર વહે છે પછી મિત્ર હોય, દુશ્મન હોય, પડોશી હોય કે પરદેશી હોય. જેમ ફૂલો, વાદળ સામેની વ્યક્તિ પ્રત્યેના ગમા - અણગમાના ભાવને વચ્ચે લાવ્યા વગર વરસે છે તેમ કરૂણા વહે છે.

કરૂણા વિશે વધુ વાત કરતાં ઓશો કહે છે કે કરૂણા વિચારથી કે માન્યતાથી નથી જન્મતી. આપણા ધર્મો આપણને કરૂણાવાન બનાવાની શીખ આપે છે પણ કરૂણા વિચારોથી કે ઇરાદાઓથી નથી જન્મતી તે પ્રેમના વિકાસથી ઉદ્‌ભવે છે અથવા ધ્યાનથી જન્મે છે, તે ઇશ્વરીય ભેટ છે.

આજ પુસ્તકમાં ઓશો સંપૂર્ણ અને સમગ્રની સરસ વાત કરેલ છે. કોઇ પણ કામમાં સંપૂર્ણતા લાવવાનો આગ્રહ માનસિક અશાંતિ અને દુઃખનું કારણ બને છે, કારણ કાર્ય કેવું થવું જોઇએ તેની ધારણા તમને અશાંત બનાવે છે. ઓશો સમગ્રતા - Totallity નો આગ્રહ રાખવામાં રહે છે. તે કહે છે કોઇ પણ કાર્ય સમગ્રતાથી કરો તેમાં સંપૂર્ણતા લાવવાનો આગ્રહ ન રાખો. સમગ્રતાથી કરેલું કાર્ય આનંદ આપે છે.